R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 11 DATE: 14-03-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## જમીન બિલના વિરોધમાં ૨૫ માર્ચથી અણ્ણાની પદયાત્રામાં ખેડુત સંગઠનો જોડાશે

ભ્રષ્ટાચાર વિરોધી નેતા અણ્ણા હજારેએ જાહેરાત કરી હતી કે તેઓ સેવાગ્રામથી ૨૫મી માર્ચે જમીન બિલના વિરોધમાં પદયાત્રા શરુ કરશે.જેમાં તેમની સાથે અનેક ખેડુત સંગઠનો પણ ભાગ લેશે.હજારેએ પોતાના સહયોગીઓ સાથે આ બાબતે ચર્ચા પણ કરી લીધી છે.આ યાત્રા ૨૫મી માર્ચે શરુ થશે અને ૨૭ એપ્રીલે પુરી થશે.૨૩મી માર્ચે તેઓ પંજાબમાં ભગતસિંહના ગામની મુલાકાત કરશે. અને તેમને શ્રધ્ધાંજલિ આપશે.આ પદયાત્રા દિલ્હીના રામલીલા મેદાનમાં પુર્ણ થશે એમ પણ તેઓએ કહ્યુ હતું.જો કે ત્યાં તેઓ લોકોને સંબોધન કરશે ત્યારે અન્ય કોઇ રાજકીય નેતાઓને સ્ટેજ પર આવવાની મંજુરી અપાશે નહીં.

તેમણે કહ્યુ હતું કે કોઇ પણ ભોગે હિંસાને સ્થાન અપાશે નહીં.જો એમ થશે તો તેઓ યાત્રા રદ કરી દેશે.અણ્ણા હજારેએ ખેડુત સંગઠનોનો અભિપ્રાય લઇને લેન્ડ એક્વીઝીશન બિલની ખેડુત વિરોધી જોગવાઇઓ સામે મોદી સરકાર પર દબાણ મુકવા ઝુંબેશ હાથ ધરી છે.તેઓ આ બિલના વિરોધમાં બે દિવસના ધરણાનો કાર્યક્રમ કરી ચુક્યા છે.જો કે કેન્દ્ર સરકાર લોકસભામાં ભારે વિરોધ બાદ સુધારા વધારા સાથે આ બિલને પસાર કરાવી દીધું છે.હવે તેને રાજ્યસભામાં પસાર કરવાનું બાકી રહે છે જયાં ભાજપની કસોટી થશે. કારણકે વિરોધપક્ષો અહીંયા બહુમતીમાં છે.સંસદમાં વિપક્ષ દ્વારા સુચવાયેલ કેટલાક સુધારાઓ સરકારે અપનાવતાં આ શક્ય બન્યું હતું.જો કે જમીન સંપાદનના મુદ્દે ઠેર ઠેરથી વિરોધ થઇ રહ્યો હોવા છતાં સરકાર આ બિલને પસાર કરવવા માટે મક્કમ છે. હવે જોવાનુ રહે છે કે અણ્ણા હજારેની પદયાત્રા આ બાબતે શું પરિણામ લાવે છે.

## કોલસા કૌભાંડમાં પુર્વ પ્રધાનમંત્રી મનમોહનસિહને કોર્ટમાં હાજર થવાનો આદેશ

કોલસા કૌભાંડમા પુર્વ પ્રધાન મંત્રી મનમોહનસિહને કોર્ટે આરોપી તરીકે સમન્સ મોકલ્યુ હતું.૧.૮૬ લાખ કકરોડ રુપીયાના કોલસા કૌભાંડમાં દિલ્હીની પટિયાલા હાઉસની વિશેષ સીબીઆઇ કોર્ટે તેમને હિન્દાલ્કોને અયોગ્ય રીતે કોલસાની ખાણ ફાળવવાના આરોપસર ૮ એપ્રિલે કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું છે.૨૦૦૫માં ઓરિસ્સામં આવેલા તારાબીરા-૨ કોલસા ખાણની ફાળવણીમાં થયેલા કૌભાંડ મામલે તત્કાલીન કોલસામંત્રી મનમોહનસિંહ સાથે હિન્દાલ્કોના માલિક કુમાર મંગલમ બિરલા અને પુર્વ કોલસા સચિવ પી.સી.પારેખ સહિત અન્ય ત્રણ આરોપીઓનેપણ સમન્સ પાઠવવામાં આવ્યો છે.

આ કેસમાં હિન્દાલ્કો અને તેના અધિકારીઓ શુભેન્દુ અમિતાભ તેમજ ડી. ભટ્ટાચાર્ય પણ આરોપીઓમાં છે.આ તમામ આરોપીઓને જે કલમમાં સમન્સ પાઠવવામાં આવ્યુ છે તેમાંની એક કલમમાં આજીવન કેદની સજાની જોગવાઇ છે.કોર્ટે આ બાબતે ટીપણી કરતાં કહ્યું હતું કે તાલાબીરા-૨ કોલ બ્લોક હિન્દાલ્કોને ફાળવવામાં તત્કાલીક પ્રધાનમંત્રીએ વધુ પડતો રસ દાખવ્યો હતો.પુર્વ વડાપ્રધાન કોર્ટે પાઠવેલા સમન્સ અંગેની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે “હજુ સુધી મને સમન્સ મળ્યું નથી.હું કોઇ પણ કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવા માટે તૈયાર છું. હું ઇચ્છું છુ કે આ મામલે સત્ય બહાર આવે.નિપક્ષ ન્યાય મારી નિર્દોષતા પુરવાર કરશે “

સીબીઆઇએ આ કેસની તપાસમાં ગત વર્ષે ક્લોઝર રીપોર્ટ મુકી દીધો હતો. તેમાં જણાવાયું હતું કે આરોપીઓને દોષિત સાબિત કરતાં કોઇ પુરાવાઓ નથી.પરંતુ કોર્ટે તેને ફગાવી દીધો હતો.તેમજ વડાપ્રધાનનું નિવેદન નહી લેવા માટે સીબીઆઇને અનેક પ્રશ્નો પુછ્યા હતા.જો કે તત્કાલીક વડાપ્રધાન મનમોહનસિહની છબી બિલકુલ સાફ છે અને તેમની ઇમાનદારી પર કોઇ શંકા નથી

કેટલાક મામલાઓનું રાજકીયકરણ કરવામાં આવતું હોય છે.રાજ્યસભામાં વટહુકમો પસાર કરાવવા માટે સત્તાધારી પક્ષે વિપક્ષોના સહકાર મેળવવા ખેલેલું પત્તુ કેટલું કારગત નિવડે છે તે હવે જોવાનું રહેશે.

## બોગસ મતદારો દુર કરવા આધાર અને ચુંટણી કાર્ડ લિંક-અપ કરાશે

મતદાર યાદીને ક્ષતિ રહિત,અને અદ્યતન બનાવવા માટે રાષ્ટ્રીય સ્તરની યોજનામાં બોગસ મતદારો દુર કરવા આધાર અને ચુંટણી કાર્ડને લિંક-અપ કરવામા આવશે.આ કામગીરી ટુક સમયમાં શરુ કરવામાં આવશે.મતદાર યાદીને ક્ષતિરહિત અને અદ્યતન બનાવવા માટે રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા અને અધિકૃત્તતા યોજના અમલમાં મુકવામાં આવી છે. જે અંતગર્ત આધારકાર્ડ અને ચુંટણી કાર્ડની માહીતિને એક સાથે સાંકળીને ક્ષતિરહિત મતદાર યાદી બનાવાશે.અમદાવાદ જિલ્લાના પણ ૬૬ ટકા આધાર કાર્ડ ધારકોની માહિતીઓ મેળવવા માટે કલેકટર કચેરીએ તજવીજ હાથ ધરી છે.જે મુજબ ઓનલાઇન,મોબાઇલ,એસએમએસ,ટોલ ફ્રી નંબર મારફતે અને મતદાર સુવિધા કેન્દ્ર કે ઇ-ગ્રામ કેન્દ્ર પર રુબરુ આ માહીતી જમા કરાવી શકાશે.

જિલ્લા કલેકટર બેનિવાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે મતદારોના ચુંટણી કાર્ડ અને આધાર કાર્ડની માહિતી મેળવવાની ઝુબેશ હાથ ધરાશે અને ત્યારબાદ એની માહિતીઓનું ઓનલાઇન મર્જર કરીને ક્ષતિરહિત અને સુસંગત મતદાર યાદી તૈયાર કરાશે.

કોઇપણ મતદાર તેમના ચુંટણી કાર્ડના નંબર અને આધાર કાર્ડના નંબરની નોધણી ચુંટણી પંચની વેબસાઇટ,મુખ્ય નિર્વાચન અધિકારીને વેબસાઇટ પર લોગ ઇન થઇને કરી શકશે.આ ઉપરાંત ૫૧૯૬૯ ઉપર <voter Id card number >space <Aadhar carc num-ber> પ્રમાણે એસએમએસ પણ કરી શકશે.તે ઉપરાંત આધારકાર્ડ અને ચુંટણી કાર્ડની માહીતિ ૧૫મી માર્ચ પછી મતદાર સુવિધા કેન્દ્ર,ઇ-ગ્રામ કેન્દ્ર, તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્ર પરથી ફોર્મ મેળવીને પણ માહિતીઓ રજુ કરી શકાશે.ત્યારબાદ ૧૬ એપ્રીલ થી ૧૫ જુન સુધી યોજાનાર સર્વે દરમિયાન પણ મતદારો પાસેથી બુથ લેવાલ અધિકારીઓ દ્વારા વિગતો એકત્રિત કરવામાં આવશે.

## રીર્ઝવ બેંક ઓફ ઇન્ડીયાએ જીડીપીની નવી પધ્ધતિ બાબતે સરકારનો ખુલાસો માંગ્યો

ભારતીય રીર્ઝવ બેંકે કેન્દ્ર સરકાર પાસે જીડીપી વૃધ્ધિના નવા આંકડાઓ વિશે માહીતી માંગી છે.બેંકે સંભવિત વૃધ્ધિનો અંદાજ મેળવવા માટે સીરીઝ ડેટા માંગ્યો છે.સીરીઝ ડેટા એટલે જીડીપીની ગણતરી કરવાની નવી પધ્ધતિ પ્રમાણે છેલ્લા કેટલાક દાયકાના આર્થિક વૃધ્ધિના સુધારેલા આંકડા.માહીતી સુત્રોના જણાવ્યાનુસાર સરકાર માટે આવો ડેટા પુરો પાડવાનું મુશ્કેલ કાર્ય છે.અર્થતંત્રના માળખામાં ફેરફાર થયો છે અને નવી પધ્ધતિ પ્રમાણે અગાઉના વર્ષોની વૃધ્ધિ ગણવા માટે જરુરી માહીતી ઉપલબ્ધ નથી.સંભવિત વૃધ્ધિનો અંદાજ મેળવવા કેટલાક વિકલ્પ ઉપલબ્ધ છે. જો કે કોઇ મધ્યસ્થ બેંક આવા ઉપરછલ્લા વિકલ્પના આધારે ધિરાણનીતીનો નિર્ણય કરી શકે નહી.

આ નવી સીરીઝની મદદથી કરાયેલ ગણતરી પ્રમાણે ૨૦૧૧-૧૨ની જીડીપી વૃધ્ધિ ૪.૮ ટકા(અગાઉની સીરીઝમાં ૪.૫ ટકા)અને ૨૦૧૩-૧૪માં ૬.૯ ટકા(અગાઉની સીરીઝમાં ૪.૭) રહી છે.રીર્ઝવ બેન્કે નવી પધ્ધતિને સમર્થન આપ્યું છે પરંતુ કેટલીક ધારણાઓ સામે પ્રશ્ન કર્યો છે.વાસ્તવિક અને સંભવિત વૃધ્ધિ વચ્ચેનો તફાવત ઘટે ત્યારે રિર્ઝવ બેંક પાસે પોલીસી રેટમાં ફેરફારનો અવકાશ પણ ઘટે છે.જો કે સંભવિત કરતાં વાસ્તવિક દર વધુ હોય તો રિર્ઝવ બેંક પાસે વ્યાજદર ઘટાડો મુશ્કેલ બનશે.રિર્ઝવ બેકે નવી પધ્ધતિની પ્રશંસા કરી હોવા છતાં તેને વૃધ્ધિના આંકડા પર ભરોસો નથી.

## રાજ્ય સરકારના આદેશથી વિશ્વ હિંદુ પરિષદના આગેવાનો અને કાર્યકરોની પોલીસ દ્વારા માહિતી એકઠી કરાઇ રહી છે તેવો આક્ષેપ

રાજ્ય સરકારના આદેશથી વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો અને આગેવાનો ની સંપુર્ણ માહીતી એકઠી કરાઇ રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.રાજયમાં છેલ્લા બે વખતની વિધાનસભાની ચુટણીઓ,પંચાયત,નગરપાલિકાઓ,વિગેરેની ચુંટણીઓ અને છેલ્લે લોકસભાની ચુંટણીઓમાં વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોએ હિંદુત્વના નામે ભારે જહેમત ઉઠાવીને ભારતીય જનતા પાર્ટીને પોતાનો સપોર્ટ કર્યો હતો.પરંતુ હાલમાં રાજ્ય સરકારે કરેલા આદેશ મુજબ પોલીસ વિહપના આગેવાનો અને કાર્યકર્તાઓના બાટોડેટા એકત્રીત કરી રહેલ છે.

પોલીસ સુત્રોની માહીતી મુજબ શહેરના વીઆઇપી, આંદોલનકારી આગેવાનો અને ઉપદ્રવીઓનો ડેટા દર પાંચ વર્ષે અપડેટ કરવામાં આવે છે.ખાસ કરીને રાજકીય પક્ષોની ભગીની સંસ્થાઓના નેતાઓનો ડેટા,હોદ્દા ઉપરથી નિવૃત્ત અને અવસાન કે અન્ય બદલાવના મુદ્દે એકત્રીત કરવામા આવતો હોય છે.પોલીસની સ્પેશીયલ બ્રાંચ માટે આ પ્રકારની કામગીરી એક સાહજીક પ્રક્રિયા છે.જ્યારે વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર્તાઓમાં આ બાબતે કચવાટ ઉભો થયો છે કે તેમની માહીતી શા માટે એકત્રીત કરાઇ રહી છે. ભુતકાળમાં સરકાર દ્વારા લઘુમતિઓની પણ વિગતવાર માહીતી એકત્રીત કરવામાં આવી હતી.ત્યારે લઘુમતિઓને પણ એક પ્રકારનો છુપો ભય ઉભો થયો હતો કે આ પ્રકારની માહીતી તેમને નુકશાનકર્તા તો નહી બનેને ?

વિશ્વ હિંદુ પરિષદના એક આગેવાન ડો.કૌશિક મહેતાની પણ પોલીસે માહીતી માંગી હતી.આ ઉપરાંત અમદાવાદ શહેર અને રાજ્યના વિહપના આગેવાનોની ઘેર તપાસ કરીને પોલીસે માહીતિ મેળવી હતી.પોલીસની આ પ્રકારની તપાસને કારણે વિહપના કાર્યકરોમાં છુપા ભયની લાગણી ફેલાયેલ છે તેમને એવું લાગી રહેલ છે કે સરકાર તેમને કોઇ કાર્યક્રમમાં તેમની વિરુધ્ધ કાર્યવાહી કરી શકે માટે આ વિગતો મેળવાઇ છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તાજેતરમાં નાગાલેન્ડમાં જે બન્યું તે અન્યત્ર બનવાના સંજોગો ઉજળા બની ગયા.લોકોને ન્યાયતંત્રમાં થતો વિલંબ પસંદ નથી તેથી તેઓએ જેલમાં જઈને ગુનેગારને ઉપાડી લાવી જાહેરમાં ન્યાય કરી નાંખ્યો.

નાગાલેન્ડના દિમાપુર ખાતે મધ્યસ્થ જેલ પરલગભગ ૨૦૦૦ના ટોળાએ હુમલો કરીને બળાત્કારના આરોપીને બહાર ઘસડી જઈને ઘાતકી રીતે રહેસી નાંખ્યો.બળાત્કારનો આરોપી સઈદ ૩૫ વર્ષીય જેને ટોળું મારતાં મારતાં લગભગ સાત કી.મી.જેટલું ઢસડીને લઈ ગયું.શહેરના ક્લોક ટાવર વિસ્તારમાં તેને પથ્થરો અને લાતો મારીને ઘાતકી રીતે મારી નંખાયો.ત્યારબાદ મૃતદેહને ક્લોક ટાવર ખાતે લટકાવી દેવાયો.

હવે પોલીસ તપાસ કરી રહી છે.ન્યાયિક તપાસ પંચની જાહેરાત થઈ છે.વિગેર વિગેરે.પોલીસે આ ઘટનામાં ચાર એફઆઈઆર નોધી છે.બળાત્કારી સઈદ પર ૨૪મી ફેબ્રુઆરીના રોજ એક વિદ્યાર્થીની પર બળાત્કારનો આરોપ હતો.નાગાલેન્ડના દિમાપુર જેલમાંથી આરોપીને બહાર ઘસડી લાવનાર ટોળાનું આયોજન શાળા અને કોલેજના યુનિફોર્મમાં સજ્જ સેકડો યુવતીઓ કર્યું હતું.પોલીસે જણાવ્યુ હતું કે ટલાની આગળ સેકડો યુવતીઓ હોવાને કારણે પોલીસ બળનો પ્રયોગ કરી શકી નહોતી.જો કે આ બાબત દર્શાવે છે કે બળાત્કારીઓ બાબતે મહિલાઓમાં જાગૃતિ આવી છે.હવે લાંબી ચાલતી ન્યાયિક પ્રક્રિયાએ તેમને તેમની રીતે ન્યાય તોળવા મજબુર કરી દીધા છે. તેમજ લાંબી અવધી બાદ બળાત્કારીઓને સજા થશે કે કેમ તે નક્કી નથી. અને ગુનેગારો વકીલો અને નાણાંની મદદથી છુટી જાય છે.પરિણામે જેમને ન્યાય મેળવવાની આશા છે તેઓ વર્ષો સુધી ન્યાયની અપેક્ષામાં આર્થિક,માનસિક અને સામાજીક રીતે તબાહ થઈ જાય છે.તેથી લોકોએ આ વિકલ્પને સ્વીકારી લીધો અને તેનો અંજામ આ આવ્યો.

ન્યાયની દેવીની માન્યતા મુજબ સેકડો ગુનેગાર ભલેને છુટી જાય પણ એક નિર્દોષને સજા ના થવી જોઈએ.તે મુજબ સેકંડો ગુનેગારો છટકી જાય છે. અને પોતાને ન્યાય મળશે તે આશા લોકોની ઠગારી નીવડે છે.

હાલમાં તો સરકાર અને પોલીસ તંત્ર બળાત્કારીને નિર્દોષ સાબિત કરવાની પળોજણમાં છે.તેઓ બળાત્કારનો ભોગ બનેલી યુવતીને વૈશ્યા સાબિત કરવાની ફિરાકમાં છે.યુવતી નાણાં મેળવવાની અપેક્ષાએ પોતાની મરજીથી આ સબંધ બાધ્યો હતો તેવી સ્ટોરી રજુ કરીને પોતાની જવાબદારી ખંખેરવાની ફિરાકમાં છે.જે બાબતની ગંધ શાળા કોલેજના વિદ્યાર્થીઓને આવી જતા તેમણે આવુ ક્રાંતિકારી પગલું ભરીને આખા દેશમાં એક સંદેશો બળાત્કારીઓને આપી દીધો છે કે હવે તેમના માટે લોકોનો આક્રોશ ભારે પડશે.

આસામના મુખ્યમંત્રી તરુણ ગોગાઈએ આરોપ મુક્યો હતો કે દિમાપુર જેલની સુરક્ષાની જવાબદારી કેન્દ્રીય દળોની છે. અને તેઓ હત્યા રોકવામાં નિષ્ફળ ગયા છે.કેદીઓની સુરક્ષાની જવાબદારી કેન્દ્ર સરકારની છે.હવે કેન્દ્ર સરકાર રાજ્યની કોગ્રેસ સરકારને ભીડાવવા પ્રયત્નમાં છે તો રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને દોષિત માને છે.પોલીસ વ્યવસ્થાની દેખરેખ રાખનાર એસપી મેરેન જમીરે કહ્યું કે ટોળાની આગેવાનીમાં સેકડો યુવતીઓ હતી તેથી તેઓ બળ પ્રયોગ કરી શક્યા નથી. તેઓ મહિલા પ્રત્યે આદરભાવ પ્રગટ કરી જવાબદારીમાં હાથ ખંખેરી નાંખવા માગે છે.સવાલ જવાબદારી ખંખેરવાથી આવવાનો નથી.પરંતુ ન્યાય તંત્રને શિથિલ કરી નાંખવાનો આ પ્રયત્ન કહી શકાય. ડોસી મર્યાનો ભય નથી પણ જમ પેધ્યાનો ભય છે.

અનુ. પાન નં. ૩ નું ચાલુ.

ફાધરોએ ધાર્મિક ક્ષેત્રેને સંભાળ્યું હતું તે આપણે "ગુર્જર ભુમિમાં શુભસંદેશના છડીદારો "માં પુસ્તકથી જાણ્યુ તો કેટેકીસ્ટોએ સામાજીક ક્ષેત્રને પોતાનું પ્રદાન આપ્યું હતું તે આપણા "કેટેકીસ્ટોના સ્મૃતિગ્રંથ "માં જોયું. જેસુઈટ બ્રધરોએ વિશ્વકર્મા બનીને કેથોલિક ધર્મસભાને એક-એકથી ચઢિયાતી ઈમારતો તથા રમણીય દેવાલયો આપ્યા. ટેકનીકલ સંસ્થાઓ સ્થાપીને લોકોને સ્વાવલંબી બનાવ્યા. ચાલો, આવી જ કેટલીક રચનાઓના અંશો માણીંએ.

બ્રધર રાબેલયા : " આપણા ધર્મગ્રંથ, "સંપુર્ણ બાઈબલ " ના રેખા ચિત્રોના કલાકાર, પ્રેસ, પેઈન્ટીંગના ઉંચી ડીગ્રીધારી,મોટા પગારની ઓફર ઠુકરાવીને આણંદ પ્રેસમાં જ આજીવન સમર્પિત થઈ રહ્યા. આણંદ પ્રેસને આધુનિક બનાવી તથા રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ છાપકામના કેટલાક એવોર્ડ પ્રાપ્ત થયા,તેની પાછળ બ્રધર રાબેલયાનો અથાગ પરિશ્રમ હતો તો પ્રેસમાં છાપકામની ગુણવત્તાનું ધોરણ ઉંચુ આવ અને સાથોસાથ કામદારોને આર્થિક લાભ થાય તે માટે તેમણે શરુ કરેલી ઈન્સેન્ટીવ સ્કીમને પ્રેસના કામદારો કેમ ના ભુલી શકે ?"

તો બીજા એવા જ બ્રધર આઈસપુર્યા - " મોટા દરજ્જાના મોટર મીકેનીક, તેમનું લોયેલા હોલમાં રહેવાના સમયગાળા ૧૯૫૮-૧૯૭૭ સુધી ક્યારેય સ્કુલબસો મોડી પડી નથી કે બગડી નથી.તેમણે બીજી ૫ જવાબદારી નિભાવેલી "

બ્રધર બ્રાન્દ્રેશ : - "આણંદમાં ડીસ્પેન્સરી સંભાળતા. અત્યારના વડીલો અને તેમના સંતાનો તેમની દવાઓથી સારા થઈ જતા. આમાં દવા કરતાં તેમનું માંદાઓ પ્રત્યેનું પ્રેમાળ વર્તન વધારે ભાગ ભજવતું. ખાસ કરીને માતાઓ તેમને વધારે યાદ કરે છે. "

બાંધકામ નિષ્ણાંત, કૃષિ વિશ્વવિદ્યાલયના સલાહકાર, મોગર ફાર્મ દ્વારા અનેકોને સ્વાવલંબી બનાવનાર, નહી ડીગ્રી,નહીં ડીપ્લોમાં ,નહી યુનીવર્સીટીના સર્ટીફીકેટ એવા સેલ્ફ મેઈડ પર્સન બ્રધર ગાલીસીયાને થોડા ભુલી જવાય ?

રાજ્યકક્ષાએ ૧૬માંથી ૮, રાષ્ટ્રીય કક્ષાએ ૧, રાષ્ટ્રપતિના તથા વડાપ્રધાનના હસ્તે કુલ ૧૦ એવોર્ડ પ્રાપ્ત કરનાર, મિશનરી પ્રેસ તરીકે ગુજરાત તથા દેશમાં નામ રોશન કરનાર તથા પ્રેસ કામદારો માટે આણંદમાં પ્રેસ કોલોની તેમજ ઝેવિયર નગર ઉભું કરનાર તથા બીજા અનેક રહેઠાણો બાંધી આપનાર હંમેશા હસતા રહેતા બ્રધર એબ્રિલને ભુલીને આગળ વધી જ ના શકાય.

તો આપણા પ્રથમ ગુજરાતી બ્રધર આમોદ ગામના બ્રધર દીદાખુશને પણ જાણવા વાંચવા ગમેશે અને તેમના જેવા બીજા આપણાં ભારતના તથા સ્પેનના બ્રધરો વિશે લખાયેલ તેમના સાથી બંધુ, તેમના શિષ્ય તેમના ગુરુ કે સાહિત્યકાર જોસેફ મેકવાનની કલમે લખાયેલ શબ્દચિત્ર વાંચવા અને માણવા ગમે તેવા છે.

આપણો દેશ ભારત આજે ૨૧મી સદીમાં પણ બીજા દેશો ખાસ કરીને યુરોપીયન દેશો તથા અમેરિકા, ચીન કરતાં હજુ પણ ૧૦૦ વર્ષ પાછળ છે ત્યારે ૧૦૦ વર્ષ પહેલાં આપણો દેશ કેવો હશે તેની કલ્પના જ કરવી રહી. તેવા સમયે સુખ-સગવડો ત્યજીને અનેક આવડતો ધરાવતા સંત ફ્રાંસીસ ઝેવીયર તથા સંત ઈગ્નાસ લોયેલાની પુણ્યભુમિમાંથી આવેલા આ બ્રધરો આપણા સુખ દુઃખના સાથી બની ગયાં. કશા જ માન-ઈનામની લાલચ વગર ચુપચાપ સેવા કરતા રહ્યા અને એમજ ચાલી નિકળ્યા. હાલમાં તેમાંના ઘણા ઈશ્વરપિતાની પાસે પોતાની સેવા આપી રહ્યા છે.તો થોડાક પોતાની જન્મભુમિમાં સેવા આપી રહ્યા છે.તો કોઈક બિમારીને કારણે "જીવન દર્શન" બરોડામાં પાછળની જીંદગી વ્યતીત કરી રહ્યા છે.તેમણે બાંધેલા રમણીય દેવાલયો, ટેકનીકલ સંસ્થાઓ, હાઈસ્કુલો, દેવાલયોમાં મુકાયેલ કાષ્ટની શિલ્પકૃતિઓ તથા કેથલિક સંસ્થાઓને ઉંચાઈ પર લઈ જતાં તેમના કાર્યો , આ બધા રચિયતા આ બ્રધરોને જાણવા, સમજવા માટે આ પુસ્તક વાંચવુ જ રહ્યુ.

છેલ્લા થોડા સમયથી ફાધર વિલિયમ પિયુષ એસ.જે ની તબિયત નાદુરસ્ત રહેતી હોવા છતાં તેઓ આપણી સમક્ષ કેથલિક ધર્મસભાના પ્રથમ હરોળના ૨૬ બ્રધરોની વાત લઈને આવ્યા છે. તે માટે તેમને પુષ્કળ અભિનંદન. એ જ શૃંખલાને આગળ ધપાવતા દ્રિતિય હરોળના બ્રધરો વિશે તથા આવી સેવામુર્તિઓને ઉજાગર કરતાં આવું જ હૃદયસ્પર્શી અભિવ્યક્તિનું નવું સંકલન ખુબ નજીકના સમયમાં રજુ કરે તેવી ફાધરપાસેથી અપક્ષા રાખીએ છીએ.

છેલ્લે સાહિત્યકાર જોસેફ મેકવાને બ્રધરોને આપેલી શ્રધ્ધાંજલી વાગોળવી અવશ્ય ગમશે : "ક્યાંક વાંચેલું કે સ્વર્ગમાં આ બ્રધરોના આસન એટલા ઉંચા હશે કે એ તરફ જોતાં યાજ્ઞિકો અને ધર્માધિકારીઓની ટોપીઓ માથેથી સરી પડશે " -

આલેખન :
-અન્નપુર્ણા મેકવાન,
(ગાંધીનગર)

## જાણવા જેવું !

મનુષ્યના દાંત ખડક જેટલી મજબુતાઈ ધરાવતા હોય છે.
લાસ વેગાસમાં કેસિનોમાં ઘડીયાળ રાખવામાં આવતી નથી.
જ્યારે કાચ તુટે છે ત્યારે તેની તુટવાની ઝડપ ૩૦૦૦ પ્રતિ કલાકની હોય છે
મેડીકલ શાખામાં શરદીનો પ્રથમ કેસ ૧૬૧૧માં ઈગ્લેન્ડમાં નોધાયો હતો.
જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.
મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઈ શકે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# પુસ્તક પરિચય : ગુર્જર ભુમિમાં જેસુઇટ બ્રધરો(પ્રથમ હરોળના)

## "જીંદગીનો એ જ સાચો પડઘો છે ' ગની ' વ્યક્તિ હોય ના ને તેનું નામ બોલાયા કરે "



" બ્રધર રાબેલયાનું અકાળે મૃત્યુ આપણા સૌની આંખો ઉઘાડનાર બની ગયું. આપણી ચોપાસના માણસો કે જેની સાથે રોજ રોજ ને પ્રતિ ક્ષણે આપણે વ્યવહાર કરીએ છીએ, તેમની મહત્તતા કેટલી બધી છે, તેનો આપણે જવલ્લે જ ખ્યાલ કરીએ છીએ અને એ જાણવા માટે પણ આપણે લગીર પ્રયાસ કરતા નથી. બ્રધર રાબેલયાના મૃત્યુ બાદ જ એક કેવી અનોખી પ્રતિભા આપણી વચ્ચે જીવી ગઇ તેનો સહુને ખ્યાલ આવ્યો. "

બ્રધર એબ્રિલે તેમના સાથી બ્રધર અંતોનીયા રાબેલયાને શ્રધ્ધાંજલી આપતાં ઉપરોક્ત પુસ્તકમાં આ શબ્દો લખ્યા છે.આવી અનેક પ્રતિભાઓ વિશે હૃદયસ્પર્શી આલેખન વાંચવું હોય તો તમારે આ પુસ્તક વાંચવું જ રહ્યું. આપણી વચ્ચે વર્ષોપર્યંત કાર્ય કરેલ પ્રથમ હરોળના ૨૬ બ્રધરોની આમાં વાત કરવામાં આવી છે.

ફાધર વિલિયમ પિયુષ એસ.જે. એ તેમના અગાઉ બે પુસ્તકો (૧) કેટેકીસ્ટ સ્મૃતિગ્રંથ અને (૨) ગુર્જર ભુમિમાં શુભ સંદેશના છડીદારો (પ્રથમ હરોળના)ની શૃખંલાને આગળ વધારતાં આપણી સમક્ષ "ગુર્જર ભુમિમાં મિશનરી જેસુઇટ બ્રધરો "(પ્રથમ હરોળના) નામનું પુસ્તક લઇ આવ્યા છે.આગળના બે પુસ્તકોની જેમ જ તેમની અભ્યર્થના એટલી જ છે કે ધર્મસભાના પાયાના ચણતરમાં જેમનું ખરેખર યોગદાન રહેલું છે, તેમને આપણી સમક્ષ લાવવું અને સેવામુર્તિ બ્રધરોના કામની યોગ્ય કદર થાય. આપણા વડીલો ધર્મસભા સાથે નજીકથી સંકળાયેલા હતા એટલે તેમને બ્રધરોના અમુલ્ય પ્રદાનનો ખ્યાલ હતો.પરંતુ આજની પેઢી ધર્મસભાથી દુર જઇ રહી છે ત્યારે તેમને આનો ખ્યાલ આવે તે જરુરી છે અને તે બાબતે આ પુસ્તક ખુબ સારો પ્રભાવ પાડે છે.

સંપાદકશ્રી ફાધર વિલિયમ પિયુષ એસ.જે. એ બ્રધરો વિશે સમજણ આપતાં આપણી સમક્ષ મા. ફાધર આ રૂપે નો બ્રધરો વિશેનો સંદર્ભ રજુ કર્યો છે. જેસુઇટ સંઘમાં બ્રધરોના તેડાનો ગુઢાર્થ તથા તેના અદકેરા મહત્વ માટે તેમણે ત્રણ લક્ષણો જરુરી બતાવ્યા છે.

(૧) કોઇનોઇયા : - જુથના ઉદશોની પરિપુર્તિ અર્થે સંપુર્ણ સ્વાર્પણ : સંઘના એકમાત્ર ઉદશ માનવબંધુ સેવા અર્થે પોતાની જાતનું અને પોતાની સઘળી આવડતોનું સંઘને ચરણે બિનઅપવાદ સમર્પણ . જેસુઇટ સંઘમાં બ્રધરો બધે ઠેકાણે કોઇનોઇઆના આર્દસ નમુનાઓ છે

(૨)દીઆકોનીઆ :-(સેવા સર્વીસ) વિવિધ સેવાઓ ત્યારેજ તેના સાચા અને મુળ અર્થમાં દીઆકોનીયા કહેવાય, જ્યારે તે સ્વાર્થરહિત (એ અર્થમાં નિઃશુલ્ક) હોય અને માત્ર ને માત્ર માનવબંધુ/ ભગીની પ્રત્યેના પ્રેમથી પ્રેરાયેલી હોય. જેસુઇટ સંઘમાં બ્રધરની ભુમિકા આવી છે અને એમાં જ એમનું મુલ્ય રહેલું છે.

(૩)કેરીગમાં :-(પ્રચાર-પ્રસાર) સેવાનું સાચુ મુલ્ય શામાં સમાયેલું છે તે બધા જાણે તો જ તેના પ્રતિ તથા એવી સેવા પ્રદાન કરનાર પ્રતિ આકર્ષણ અને લગાવ પેદા થાય તે જરુરી છે. આમ થાય તો જ ઉપરોક્ત બંને વિચારસરણીનો પ્રચાર-પ્રસાર થાય તે જરુરી બને છે.

આ થઇ બ્રધરો અને તેમના કાર્ય વિશેની સમજણ. બ્રધરો ઉપરોક્ત લક્ષણો પૈકી પ્રથમ બે લક્ષણો જીવનમાં ઉતાર્યા અને જીવન જીવી ગયાં. પરંતુ તેના છેલ્લા લક્ષણ કેરીંગમાં (પ્રચાર-પ્રસાર)ઓછું જોવામાં આવે છે.લોકોને આ તેડા (બ્રધરા) માટે ઓછું આકર્ષણ જોવા મળે છે તેવું શા માટે થયું ? આવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. તેના જવાબ માટે ફાધર વેલેન્ટાઇન ડીસોઝા એસ.જે.ની પ્રસ્તાવના પર નજર નાંખીએ.

"ઘણા લાંબા સમયથી હું એવી માન્યતા ધરાવતો હતો કે જેસુઇટ સંઘમાં બ્રધરો એટલે એ શબ્દના અર્થ પ્રમાણે સાંન્યાસી(બંધુ)સાથી. એમનામાં અને સાથી પુરોહિત જેસુઇટોમાં ( ફાધર)તફાવત માત્ર એટલો જ કે દીક્ષિત પુરોહિત જેસુઇટ(ફાધર)ની જેમ બ્રધરો અધિકૃત ધાર્મિક વિધિઓ ન કરી શકે. બ્રધરો બહુધા ધાર્મિક ન હોય એવી સંઘની સઘળી સેવા પ્રવૃત્તિઓમાં પોતની ભુમિકા ભજવતા હોય "



શ્રીમતી અન્નપુર્ણા મેકવાન
જેમના દ્વારા ઉપરોકત આલેખન કરવામાં આવ્યું છે

આવી જ માન્યતા આપણે સૌ પણ ધરાવતા હોઇએ છીએ.પરંતુ એને ખંડિત કરતા ફાધર આગળ જણાવે છે કે " હકીકતે મારી ઉક્ત માન્યતા ક્ષતિયુક્ત હતી. કારણ, કાળક્રમે કેથોલિક ધર્મસભામાં દુન્યવી વિકૃત માન્યતાએ પ્રવેશ કર્યો અને તેણે ફાધર-બ્રધર,મધર-સીસ્ટર વચ્ચે ઉંચ-નીચના કલુષિત વર્ગભેદ આણ્યા. જે ભગવાન ઈસુના બંધુતા અને સમાનતાના ઉપદેશથી સાવ વિપરિત હતા. કમનસીબે ધર્મસભાએ પણ તેની પરિપુર્તિ કરી અને બ્રધરો સાથી સંન્યાસી બંધુઓને બદલે એક અલગ વર્ગ બની ગયો. તેમને પુરોહિત ઉમેદવારોને ઉપલબ્ધ એવી બધા પ્રકારની તાલીમોથી બાકાત રાખવામાં આવ્યા. એટલુંજ નહીં, તાલીમના અભાવે બ્રધરો શ્રમિકો-મજુરોની જેમ જ્યાં માત્ર શારીરીક શ્રમની જરુર પડે તેવા કામો સોંપવાની આપવાની પ્રથા શરુ થઇ.વાસ્તવમાં સંઘમાં અનેકવિધ આવડત ધરાવતા અને પુરોહિત ઉમેદવારોને આંબી જાય તેવા સંખ્યાબંધ બ્રધરો હતા. સ્વાભાવિક રીતે જ એ સૌને જેમાં આવડતની કદર થી નહોતી તેવી આ પ્રથા પ્રતિ અણગમો પેદા થયો ને તેમની લાગણી દુભાઇ "

તો જાણીતા સાહિત્યકાર શ્રી જોસેફ મેકવાન બ્રધરોની વાત કરતાં આપણને ભુતકાળમાં દોરી જાય છે અને જેસુઇટ સંઘની ઉત્પતિની વાત માંડે છે. તેમના શબ્દોમાં " જેસુઇટ સંઘના સ્થાપક સંત ઇગ્નાસ લોયોલાનો આર્દશ સર્વોત્તમ રીતે શ્રેષ્ઠતમ પ્રદાન કરવાનો હતો. મધ્યયુગમાં ધર્મસંઘમાં જ્યારે પ્રત્યાઘાતી પરિબળો સર્જાયા ત્યારે ત્યાગ અને બલિદાનની ભાવનાના પુણ્યકૃત સંકલ્પ સાથે જેસુઇટ સંઘ અવતરેલો. જેને યુરોપના ઇતિહાસમાં ધાર્મિક પ્રતિકૃતિ રૂપે આવકારાયેલો. ગુજરાતમાં કેથોલિક ધર્મસભા શૈશવાસ્થામાં હતી ને વિશ્વયુધ્ધના વાદળ ગોરંભાયા અને જર્મન મિશનરીઓની હકાલપટ્ટી થઇ. પછી ગુજરાત મિશન સ્પેનને સુપ્રત કરાયું ને સ્પેનીશ જેસુઇટોની અંહી પધરામણી થઇ. એમના તપોબળે બીજાકુંર વટવૃક્ષના આકાર લેવા માંડ્યા અને ઠેરઠેર પ્રભુમંદિરો ને શિક્ષણ સંસ્થાઓ ઉભા થવા માંડ્યા ત્યારે તેના નિર્માતાઓરૂપે સેવાવ્રતી બ્રધરોની એક આખી શ્રુંખલા એમાં મચી પડી હતી. એમની નોંધ લેવી અને સમુચિત અને અનિવાર્ય લાગે છે. "

ગુજરાતની કેથોલિક ધર્મસભા શૈશવ અવસ્થામાં હતી ત્યારે જેસુઇટ

અનુ.પાન નં.૨ ઉપર


| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઇલાલભાઇ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# રાષ્ટ્રપતિએ એનિમલ પ્રિઝર્વેશન (એમેન્ડમેન્ટ)બીલ ૧૯૯૫ ને મંજુરી આપતાં મહારાષ્ટ્રમાં ગૌમાંસ પર પ્રતિબંધ મુકાયો

ભાજપ-શિવસેનાના વર્ષ ૧૯૯૫ના શાસન દરમિયાન મહારાષ્ટ્ર વિધાનસભામાં મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન(એમેન્ડમેન્ટ)બિલ પસાર કરવામાં આવ્યું હતું અને તેને રાષ્ટ્રપતિની મંજુરી માટે મોકલી આપવામાં આવ્યું હતું.લગભગ ૧૯ વર્ષ બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ તેને મંજુરી આપતાં હવે મહારાષ્ટ્રમાં ગૌમાંસ મળશે નહી.અગાઉ મહારાષ્ટ્રમાં એનિમલ પ્રિઝર્વેશન એકટ,૧૯૭૬ હેઠળ રાજ્યમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકાયો હતો. પરંતુ હવે નવા કાયદામાં બળદ અને પાડાની કતલ પર પ્રતિબંધ મુકાયો છે.જેની અગાઉ કતલ માટે પ્રમાણપત્ર દ્વારા છુટ આપવામાં આવતી હતી.

જો કે નવા કાયદામાં ભેસની કતલ માટે છુટ છે.જે સામાન્યપણે હલકી ગુણવત્તાના માંસ તરીકે જોવાતા કેરાબીફ પુરુ પાડે છે.અને રાજ્યમાં ગૌમાંસની કુલ બજારમાં તેના માત્ર ૨૫ ટકા હિસ્સો છે.ગૌમાંસના વેપારીઓના દાવા મુજબ આ કાયદાથી હજારો લોકો બેકાર બનશે એટલું જનહીં પરંતુ રાજ્યમાં અન્ય માંસના ભાવો વધી જશે.મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ટ્વિટ કરી હતી કે મહારાષ્ટ્ર એનીમલ પ્રિઝર્વેશન બિલને મંજુરી આપવા બદલ તેઓએ રાષ્ટ્રપતિનો આભાર માન્યો હતો.ગૌહત્યા પર પ્રતિબંધનું અમારુ સ્વપ્ન હવે વાસ્તવિકતા બન્યું છે.ભાજપના સાંસદ કીરીટ સૌમેયાએ જણાવ્યું હતું કે આ એક એવું ઐતિહાસિક પગલું છે જે રાજ્ય માટે આર્થિક તેમજ સાંસ્કૃતિક પરિણામો ધરાવે છે.

મુંબઇ સબર્બન બીફ ડીલર એસોસીએશનના પ્રમુખ મોહમંદ કુરેશીએ જણાવ્યું હતું કે લોકો બેરોજગાર બનવા ઉપરાં,તત્કાળ અન્ય માંસના ભાવમાં ઉછાળો આવશે.લોકોને તે તરફ ફરવાની ફરજ પડશે. જ્યારે ઓલ ઇન્ડીયા જમિઅતલુક કુરેશીના હોદ્દેદાર,આરીફ ચૌધરીએ કહ્યું હતું કે આ કાયદાને કોઇ પણ રીતે અમે પડકારી શકીએ કે નહીં તે વિશે સલાહમસલત કરી રહ્યા છીએ.ગૌમાંસના વેપારીઓને અસર થઇ છે.પરંતુ સૌથી વધુ અસર કિસાનોને થશે.માંસ માટે અમને અગાઉ વેચી દેતા વૃધ્ધ અને દુર્બળ જાનવરોની કોણ કાળજી રાખશે?સાંગલીના ગોમાંસના વેપારી રાજેન્દ્ર ઢેડેએ કહ્યું હતું કે તાજેતરમાં એક સરકારી અહેવાલમાં રાજ્યમાં ઘાસચારાની ૬૧ટકા અછત હોવાનું જણાવાયું છે.વૃધ્ધ અને દુર્બળ જાનવરોની કતલ પર પ્રતિબંધ મુકીને સરકાર તંદુરસ્ત જાનવરો અને કિસાનો સાથે ગંભીર અન્યાય કરી રહી છે.

મહારાષ્ટ્રમાં હવેથી ગૌમાંસનું સેવન કરવું અપરાધ ગણાશે અને તેના માટે દંડ અને જેલની સજા થશે.કોઇની પાસેથી ગૌમાંસ પકડાશે કે ખાતો હશે તો તેને દસ હજાર રુપીયાનો દંડ અને પાંચ વર્ષની જેલની સજા થશે.ભારતીય જનતા પાર્ટીના સાંસદ કીરીટ સોમૈયાના નેતૃત્વમાં સાંત સાંસદોનુ એક પ્રતિનિધિ મેડળ તાજેતરમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિને મળ્યું હતું અને તેમણે આ ખરડા પર સહી કરવા વિનંતી કરી હતી.આમ વર્ષોથી પડતર રહેલા ગૌમાંસ નિષેધક ધારાને રાષ્ટ્રપતિએ મંજુરી આપી દીધી હતી.આમ મહારાષ્ટ્રમાં ગૌમાસ માટે સૌથી વધુ કડક કાયદો લદાઇ ગયો છે.

હવે ભારતીય જનતા પાર્ટી તેમની જે રાજ્યોમાં સરકારો છે ત્યાં આ પ્રકારનો કાયદો લાવવાની કવાયત શરુ કરી રહી છે. જેથી આવનાર દિવસોમાં ઉત્તર પ્રદેશ અને બિહાર વિગેરે રાજ્યોમાં આવી રહેલ ચુંટણીઓમાં ગૌમાંસ નિષેધક કાયદાને લઇને હિદુત્વનું કાર્ડ રમીને ચુંટણી જીતી શકાય.જ્યા સુધી નાગરિકી બંધારણીય અધિકારો બાબતે ભુતકાળમાં જ્યારે ગુજરાતમા આ બંધીની કવાયત ચાલી રહેલ હતી ત્યારે કેટલાક કાયદાવિદોએ આ બાબતને બંધારણીય અધિકારો વિરુધ્ધની ગણાવી હતી.પરંતુ બહુમતીના જોરે બંધારણીય અધિકારોની અવગણના કરીને કાયદાઓ બનાવી શકાય છે.જો કે ભવિષ્યમાં બિનસાંપ્રદાયિકતાને તિલાજલી આપીને હિન્દુ રાષ્ટ્ર ઘોષિત કરવા માટે બહુમતીનો લાભ લઇ શકાય છે.

# રેશનીંગના નિયમોમાં ફેરફાર કરાતાં ઓલ ઇન્ડીયા ફેર પ્રાઇઝ શોપ ડીલર્સ એસોસીએશને સરકાર સામે જંગે

મહારાષ્ટ્રની ભાજપ સરકારે રેશનિંગના કાયદામાં કરેલા ફેરફારનો વિરોધ કરવા તેમજ વેપારીઓની લાંબા સમયથી પુરી ન થતી માંગણીઓ પ્રત્યે સરકાર લક્ષ્ય આપે માટે મુંબઇના આઝાદ મેદાનમાં ઓલ ઇન્ડીયા ફેર પ્રાઇઝ શોપ ડીલર્સ ફેડરેશનના અધ્યક્ષ પ્રહલાદ મોદીએ સરકાર સામે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.તેઓ સગાઇને નાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઇ થાય છે.પ્રહલાદ મોદીએ ભાજપના અબોવ પ્રોવર્ટી લાઇનને આપવામાં આવતા અનાજ બંધ કરવાના નિર્ણય સામે પોતાનો વિરોધ નોધાવ્યો હતો.એ ઉપરાંત રેશનીંગના દુકાનદારોની અનેક માંગણીઓ સરકાર પુરી કરે એ હટે હજારો લોકો સાથે ભાજપ સરકાર વિરુધ્ધ આંદોલન ચલાવ્યું હતું. એપીએલ ગ્રાહકોને અનાજ આપવાનું બંધ થતાં રેશનીંગના દુકાનદારો સાથે તેઓ માથાકુટ કરે છે.આ સિવાય રેશનીંગના દુકાનદારોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.તેમજ દુકાનદારોને અપાતું કમીશન પણ બંધ કરી દેવાયું છે.અને પુરતુ અનાજ પણ આપવામાં આવતું નથી.

પ્રહલાદ મોદીએ ભારતીય જનતા સરકારને ચીમકી આપી છે કે ઉત્તર પ્રદેશ અને બિહારમાં ચુંટણી વખતે ભાજપ સરકારને પીછેહઠ કરવી પડે છે અને તેનું કારણ સસ્તા અનાજના વેપારીઓની અવગણના.જાહેર વિતરણ વ્યવસ્થાના દુકાન માલિકોની સરકાર પુરતી કાળજ ન લે તો સરકાર માટે પરિણામો વિરુધ્ધમાં આવી શકે તેમ છે.પ્રહલાદ મોદી સસ્તા અનાજના વેપારીઓ માટે કાર્યરત ઓલ ઇન્ડીયા ફેર પ્રાઇસ શોપ ડિલર્સ ફેડરેશનના વાઇસ પ્રેસિડેન્ટ છે.તેમણે કહ્યુ હતું કે તેમની સંસ્થાએ લોકસભાની ચુંટણીમાં ભાજપ માટે મતબેંક ઉભી કરવામાં જરુરી ભુમિકા ભજવી હતી.એજ સંસ્થા સસ્તા અનાજના દુકાનદારોની અવગણના કરે તો તેઓ યુપી અને બિહારમાં તેઓ ઉલ્ટુ પરિણામ લાવી શકે તેમ છે.જો સરકાર આ ક્ષેત્રને લક્ષમાં નહી લે તો બિહારમા ૭૦૦૦૦ જેટલી સસ્તા અનાજની દુકાનો અને ઉત્તર પ્રદેશમાં ૭૫૦૦૦ જેટલી દુકાનો છે જેના માલિકો ચુંટણીમાં સહકાર આપશે નહી. મોદીએ કહ્યુ કે અમે રેશન વેચીએ છીએ અને લોકોની આત્મીયતા ખરીદીએ છીએ.સસ્તા અનાજની દુકાનનો માલિક આસપાસમાં એક પારિવારિક સભ્ય ગણાતો હોય છે.તેઓ મહિલાઓ સાથે સંકળાયેલા હોય છે.તેથી તેઓનું માનસને બદલવું એ બે મિનિટનું કામ છે.સસ્તા અનાજની દુકાન ચલાવતા ડીલર્સ કમિશનમાં વધારો અને પ્રતિ ડીલર ૧૦૦૦ કાર્ડ હોલ્ડર્સની ખાતરી માંગી રહ્યા છે.જેથી કેન્દ્ર સરકાર તેમની આ માંગો પુરી કરે તેવો આગ્રહ તેઓ કરી રહ્યા છે.

# વિદેશોમાંથી ફંડ મેળવતા એનજીઓ પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ

તાજેતરમાં લોકસભામાં જુનીયર હોમ મિનિસ્ટરનો હલાવો સંભાળતા કિરણ રીજજુએ માહીતી આપતાં જણાવ્યું હતું કે સરકારે વિદેશી ફંડ મેળવનાર ૬૯ એનજીઓ પર પ્રતિબંધ મુક્યો છે.તેમણે જણાવ્યું હતું કે વિદેશી ફંડ મેળવવા પર જે એનજીઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે તેમાં આંધ્રપ્રદેશના ૧૪,તામીલનાડુંના ૧૨, ગુજરાત અને ઓડીસાના પાંચ પાંચ,ઉત્તર પ્રદેશ,જમ્મુ કાશમીર અને કેરળના ચાર ચાર તથા દિલ્હીના ત્રણ એનજીઓનો સમાવેશ થાય છે.

જુલાઇ ૨૦૧૪માં નવી આવેલી મોદી સરકારે જેમના વિશે ગુપ્તચર વિભાગે ખરાબ રીપોર્ટ આપ્યા હતા તેમને મળતા વિદેશી ફંડ પર ચાંપતી નજર રાખવાનું નક્કી કર્યુ હતું.ત્યારપછીથી સરકારે ગ્રીનપીસ ફાઉન્ડેશન અને કલાઇમેટ વર્કસ ફાઉન્ડેશન પર નજર રાખી હતી. અને આ સંસ્થાઓ માટે ભારતમાં કોઇ ફંડ લાવવામાં આવે એ પહેલાં ગૃહમંત્રાલયની અનુમતિ લેવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું હતું.આઇબીના રીપોર્ટમાં એવો આરોપ હતો કે આ સંગઠનોએ કેટલાક વિરોધને ટેકો આપતાં ભારતના જીડીપીમાં ૨ થી ૩ ટકાનું નુકશાન થયું હતું.આવા એનજીઓમાં ગ્રીનપીસ ઇન્ડીયા,કોર્ડેઇડ, એમ્નેસ્ટી અને એકશન એઇડ વગેરે સામેલ છે. આ સંગઠનો દ્વારા પીયુસીએલ અને નર્મદા બચાવો આંદોલનને વેગ મળ્યો હતો.ભારતમાં એનજીઓ દ્વારા રુ.૧૦૦૦૦કરોડથી વધુ ફંડ ૧૫૦ જેટલા દેશોમાંથી મેળવવામાં આવતું હતું.જેનો ઉપયોગ ભારતમાં એન્ટી જીએમ ઓર્ગેનીઝમ્સનો વિરોધ કરવા માટે થતો હતો.

રીપોર્ટ પ્રમાણે કેટલાંક એનજીઓ દ્વારા વિશાળ નિર્માણ કાર્યોમાં પણ વિરોધ પ્રદર્શનોને સમર્થન આપીને અવરોધ સર્જવામાં આવતો હતો.જો કે સરકાર સામે ભુતકાળમાં વિરોધમાં ઉતરેલી એનજીઓને હવે સરકાર સકંજામાં ફંડ બાબતે લઇ રહી છે તેવું એનજીઓનો પ્રત્યાઘાત છે.તાજેતરમાં કેટલાકએનજીઓ વિરુધ્ધ સરકાર પગલાં લઇ રહી છે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.